# ૧૦ મિનિટ મોડા પડશો તો અડધા દિવસની રજા ઉધારી દેવાશે

ગાંધીનગર, તા. ૨૫

હવે સરકારી કચેરીમાં કર્મચારી ૧૦ મિનિટ પણ મોડો પડે તો અડધી રજા ગણવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. સરકારે લીધેલા આ નિર્ણયને લઈ કર્મચારીઆલમમાં પણ ગણગણાટ શરૂ થયો છે.

સચિવાલયના નાણાં વિભાગ દ્વારા આ પરિપત્ર જારી કરવામાં આવ્યો છે. તેમાં જ સરકારે સ્વીકાર્યુ છે કે અનલોકની સ્થિતિમાં કર્મચારીઓ ફરજ પર હાજર જણાતા નથી.

કોરોનાના સંક્રમણને લઈ સરકારે સચિવાલયના દરેક વિભાગના કર્મચારી અધિકારીને હાજરી માટે ઈલેક્ટ્રોનિક કાર્ડ સ્વાઈપ કરવામાંથી ૩૦-૬-૨૧ સુધી મુક્તિ આપેલ છે.

તાજેતરમાં સચિવોની મળેલ રિવ્યુ બેઠકમાં ઓફિસ સમય દરમ્યાન કર્મચારીઓ અને અધિકારીઓ કચેરીઓમાં નિયત સમયે હાજર રહેતા ન હોવાની વાતને લઈ ખુબજ ગંભીર ચર્ચાઓ થઈ હતી. કર્મચારી અધિકારીની ગેરહાજરીને લઈ કામગીરીમાં પણ વિલંબ થઈ રહ્યાનો સૂર ઉઠવા પામ્યો હતો.

આ બેઠકને અંતે નાણાં વિભાગે એક પરિપત્ર કરી સચિવાલયના તમામ વિભાગોના અધિકારીઓ કર્મચારીઓને સૂચના આપી જણાવ્યુ છે કે કચેરી કાર્યપદ્ધતિ પુસ્તિકા પ્રમાણે સવારે ૧૦.૩૦ થી ૬.૧૦ સુધી નિયમિત હાજર રહેવુ પડશે. આ પુસ્તિકાના પ્રકરણ-૨ માં અધિકારી કર્મચારી એક માસમાં બે વખત નિયત સમય કરતાં મોડા આવશે અથવા વહેલા જશે અને ત્રીજી વખત પણ આવુ કરતા જણાશે તો તે કર્મચારી અધિકારીના કિસ્સામાં અડધા દિવસની રજા ઉધારવામાં આવશે.

**સચિવાલયના વિભાગોમાં કર્મચારીઓ હાજર ન હોવાની વાતને લઈ નાણાં વિભાગે કર્યો પરિપત્ર**

વારંવાર આવુ કરતા કર્મચારી અધિકારીના કિસ્સામાં શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવાની પણ ચિમકી આપવામાં આવી છે.

સચિવાલયની કચેરીઓ માટે સરકારે આ પરિપત્ર કરતાં આજે આખો દિવસ આ મુદ્દો સચિવાલયમાં ઠેર ઠેર ચર્ચાનો મુદ્દો બની ઉભરી આવ્યો હતો.

સરકારી વિભાગોમાં કર્મચારી અધિકારીઓની ગેરહાજરીના સમાચારો અખબારોના પાને પણ ચમકતા રહ્યા છે.

જો કે કર્મચારીઓમાં આ પરિપત્ર નાણાં વિભાગે કેમ કર્યો ? સામાન્ય વહીવટ વિભાગે કેમ મૌન ધારણ કર્યુ છે તેવા અનેક તર્ક વિતર્ક સાથે અધકચરો પરિપત્ર કરવામાં આવ્યો હોવાનું તેમજ શિક્ષાત્મક કાર્યવાહી કેવા પ્રકારની કરાશે તે વિશે પણ કોઈ સ્પષ્ટ ઉલ્લેખ નહિ કરાયો હોવાની વાતો સતત ચર્ચાતી સાંભળવા મળી હતી.

# નવા શૈક્ષણિક સત્રના પ્રારંભના બે સપ્તાહ બાદ પણ વિદ્યાર્થીઓને પુસ્તકો મળ્યા નથી

## પ્રત્યક્ષ શિક્ષણ આપવાનુ મુશ્કેલ છે પરંતુ પુસ્તકો પણ પહોંચતા કરાયા નથી : વિદ્યાર્થીઓનુ શિક્ષણ રૂંધાતા વાલીઓમાં આક્રોશ : શિક્ષકો પણ વાલીઓને જવાબ આપી થાકી ગયા

ગાંધીનગર તા ૨૫

કોરોનાના કપરા કાળમાં નવા શૈક્ષણિક સત્રની શરૂઆત થઈ ગઈ છે. પરંતુ હજુ શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ આપવાની શરૂઆત કરવામાં આવી નથી જયારે અગાઉની જેમ ઓનલાઈન શિક્ષણ પ્રથા ચાલે છે. બીજીતરફ નવા શૈક્ષણિક સત્રના પ્રારંભ બાદ બે સપ્તાહના અંતે પણ શાળાઓને પુસ્તકો મળ્યા નથી. જેના લીધે વિદ્યાર્થીઓ મુંઝવણમાં મુકાયા છે. પુસ્તકો સમયસર ન મળતા વિદ્યાર્થીઓનુ શિક્ષણ કથળી રહ્યુ છે. વાલીઓમાં પણ પ્રબળ આક્રોશ પ્રવર્તયો છે.

સરકાર દ્વારા દરવર્ષે વિદ્યાર્થીઓને નિઃશુલ્ક પુસ્તકો પુરા પાડવા જાહેરાત કરવામાં આવે છે. આ વર્ષે પણ નવા શૈક્ષણિક વર્ષની શરૂઆત થઈ ગઈ છે. ત્યારે શાળાઓ શરૂ થઈ ગઈ છે પરંતુ પુસ્તકો મળ્યા નથી. શાળાઓમાં નવા શૈક્ષણિક સત્રના પ્રારંભ થયાના બે સપ્તાહ બાદ પણ પુસ્તકો પહોંચ્યા નથી. પુસ્તકો ન મળતા શાળાઓમાં વાલીઓની પુછતાછ સતત ચાલી રહી છે. શિક્ષણ વિભાગ દરવર્ષે શાળાઓને પુસ્તકો પહોંચાડવામાં વિલંબ કરે છે. જેના લીધે વિદ્યાર્થીઓ અને વાલીઓ સહીત શિક્ષકોએ પણ પરેશાનીમાં મુકાવવુ પડે છે. વિદ્યાર્થીઓના શિક્ષણ પર માંઠી અસર પડી રહી છે. પાઠય પુસ્તકો શાળાઓ સુધી કયારે પહોંચશે તે પણ સ્પષ્ટ થતુ નથી. કોરોના કાળમાં છેલ્લા ઘણાં સમયથી શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ આપવાની પ્રથા બંધ છે. જયારે શાળાઓ ક્યારે ખુલશે તે પણ હજુ અનિશ્ચિત છે. કોરોનાના કપરા સમયમાં વિદ્યાર્થીઓનુ શિક્ષણ ન બગડે તે માટે શાળા કક્ષાએથી ઓનલાઈન શિક્ષણ પુરુ પાડવામાં આવી રહ્યુ છે. વિદ્યાર્થીઓ પણ મોબાઈલના સહારે શિક્ષણ મેળવી રહ્યા છે. આવા સંજોગોમાં વાંચે ગુજરાતની વાતો વચ્ચે વિદ્યાર્થીઓને પાઠય પુસ્તક સમયસર મળે તેવી વ્યવસ્થા પણ થઈ નથી. રોજબરોજ પુસ્તકો આવી ગયા કે કેમ તે અંગે દરેક વાલીઓ પણ શાળાઓમાં ફોન કરીને પુછતાછ કરે છે જયારે વિદ્યાર્થીઓ પણ પુસ્તકોની વાટે છે. આમ છતા હજુ સુધી નગરની શાળાઓમાં પુસ્તકો આવ્યા નથી ઉચ્ચ અને સ્પર્ધાત્મક શિક્ષણની વાતો વચ્ચે પાટનગરમાં જ દિવા તળે અંધારુ છે. પુસ્તકો વિના વિદ્યાર્થીઓ પરેશાન છે.



ખુશનુમા વાતાવરણ : ગાંધીનગરમાં છેલ્લા એક સપ્તાહથી હીલસ્ટેશન જેવું વાતાવરણ અનુભવાય છે... આછો અને ઓછો તડકો વાદળોની આવનજાવન અને ક્યારેક મંદ તો ક્યારેક તેજ ગતિનો પવન વાતાવરણને આહ્લાદક બનાવે છે... વરસાદ પડશે... પડશે...ની વાતો વચ્ચે હાથતાળી આપીને છટકી જતો વરસાદ જાણે ગાંધીનગર સાથે આંધળાપાટાની રમત રમતો હોય એવો અનુભવ થાય છે... દર વર્ષની માફક ગાંધીનગરમાં વાતાવરણ વરસાદી થાય છે પણ વરસાદ તો વિલંબથી જ આવે છે... બફારો અસહ્ય હોય છે... પરંતુ સવાર - સાંજ ખુશનુમા વાતાવરણ હીલસ્ટેશનની અનુભૂતિ કરાવે છે...

## જિલ્લામાં રસીનો જથ્થો ખુટી પડતાં રસીકરણ અભિયાનને ઝટકો

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં વેક્સિનેશનનો જથ્થો ખૂટી જતાં વેક્સિનેશન મહા અભિયાનની કામગીરીને મોટો ઝટકો લાગ્યો છે.

જિલ્લામાં આજે શહેરમાં ૩૧૪૦ લોકોને તથા ગ્રામ્ય વિસ્તારમાં ૭૪૭૨ લોકોને જ વેક્સિનેશન હેઠળ આવરી લેવામાં આવ્યા છે. ૨૧મીથી શરૂ થયેલા વેક્સિનેશન મહા અભિયાનમાં રોજના ૧૭ હજાર લોકોને આવરી લેવામાં આવતા હતા તેની સામે આજે માત્ર ૧૦,૬૧૨ ને જ આવરી લેવામાં આવ્યા છે. જિલ્લામાં એક જ દિવસમાં સાત હજારનો ઘટાડો નોંધાયો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કેટલા કેન્દ્રો પર સેશન સાઈટ યોજવામાં આવશે તેને લઈ તંત્ર મૌન સેવી રહ્યુ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૮ સેશન સાઈટો પર વેક્સિનેશન અભિયાન યોજાયુ હતુ. જો કે આજે મોડી રાત સુધીમાં વેક્સિનેશનનો વધુ જથ્થો આવી પહોંચશે પરંતુ કેટલો અને કેટલા વાગે આવશે તેને લઈ તંત્ર હજુ અવઢવમાં છે.

# જિલ્લામાં ૩૦મી જૂન સુધી ગરમીનું મોજુ યથાવત્ રહેશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં ૩૦મી જૂન સુધી ગરમી ઘટશે નહિ. દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાન-પૂર્વાનુમાન બુલેટીનના અંક નં. ૨૫ માં જણાવ્યા મુજબ ૩૦મી જૂન સુધી મહત્તમ તાપમાન ૩૫-૩૮ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૬-૨૭ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે.

૨૬ જૂનથી ૩૦ જૂન સુધીના પાંચ દિવસના હવામાન-પૂર્વાનુમાનમાં જણાવ્યા પ્રમાણે આગામી પાંચ દિવસમાં આકાશ અંશતઃ વાદળછાયુ રહેશે અને હળવો વરસાદ તા. ૨૬મીના રોજ પડવાની શક્યતા છે.

હવામાં ભેજનું પ્રમાણ ૨૭ થી ૭૩ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૧૭ થી ૨૧ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતાઓ છે.

ખેડૂતોને સલાહ આપતાં આ બુલેટીનમાં જણાવાયુ છે કે પરિપક્વ પાકની કાપણી કરી જલ્દીથી થ્રેસીંગની કામગીરી પૂર્ણ કરવી. ફેર રોપણીના પાકોના ધરૂવાડિયા તૈયાર કરવા પણ સલાહ આપવામાં આવી છે.

દરમ્યાન જિલ્લામાં અત્યાર સુધીમાં ૬૪ મી.મી. વરસાદ નોંધાયો છે. જે જિલ્લાની સરેરાશ ટકાવારીના ૮.૩૯ ટકા જેટલો થાય છે. જિલ્લામાં હજુ વાવણીલાયક વરસાદ થયો નથી. માત્ર કલોલ તાલુકામાં અત્યાર સુધીમાં ૪ ઈંચ વરસાદ નોંધાયો છે. ગાંધીનગર માણસા તાલુકામાં બે ઈંચ અને દહેગામમાં દોઢ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. જે નોંધનીય છે. જિલ્લામાં ચોમાસાની સિઝન દરમ્યાન ૭૬૫ મી.મી. જેટલો વરસાદ થતો હોય છે.

# મનપામાં મિલ્કતવેરાની આવક ૧૨ કરોડ થઈ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર મહાનગર પાલિકામાં એડવાન્સ મિલ્કતવેરો ભરી અને ૧૦ ટકા સુધીની રાહત મેળવવાની યોજનાની આડે હવે એક સપ્તાહનો સમય બાકી રહ્યો છે ત્યારે મિલ્કતધારકોએ વેરો ભરવા માટે લાઈનો લગાવી દીધી છે. ૩૦-૬-૨૧ સુધી ૧૦ ટકા રિબેટની યોજના ચાલુ રહેશે. અત્યાર સુધીમાં રૂ. ૧૨ કરોડ જેટલી આવક મિલ્કતવેરા વસુલાતમાં થઈ છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગત વર્ષની તુલનામાં આ વખતે લગભગ બમણા મિલ્કતધારકોએ અત્યાર સુધીમાં વેરો ભર્યો છે. ગત વર્ષે આજ દિન સુધીમાં ૮૯૦૬ જેટલો મિલ્કતધારકોએ વેરો ભરી અને ૧૦ ટકા રિબેટની યોજનાનો લાભ લીધો હતો.

**૧૭ હજારથી વધુ મિલ્કત ધારકોએ એડવાન્સ વેરો ભરી વળતર યોજનાનો લાભ લીધો**

આ વર્ષે ૧૭,૫૦૦ મિલ્કત ધારકોએ આ વેરો ભરી આને યોજનાનો લાભ લીધો છે. મનપાના સૂત્રોએ જણાવ્યું છે કે ગત વર્ષે ૬ કરોડની આવક થઈ હતી જ્યારે આ વર્ષે અત્યાર સુધીમાં રૂ. ૧૨ કરોડની આવક થઈ છે. મનપાના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે અત્યાર સુધીમાં ૪.૮૬ કરોડની આવક ઓનલાઈનથી અને ઓફલાઈનથી ૭.૯૬ કરોડની આવક નોંધાઈ છે. ૩૦મી જૂન પછી પણ આ નાણાં સ્વીકારવામાં આવશે પરંતુ તેમને વળતર યોજનાનો લાભ મળશે નહિ.

# જિલ્લામાં કોરોનાના વધુ ૩ કેસ : ૯ને ડિસ્ચાર્જ

## દહેગામ અને માણસામાં એક-એક કેસ નોંધાયો સે. ૨૭ માં એક ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના વધુ ૩ કેસ નોંધાયા છે. બે કેસ ગ્રામ્ય વિસ્તારમાં અને એક કેસ શહેરમાં નોંધાયો છે.

બે દિવસ જીરો કેસ ગયા સપ્તાહમાં ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયા પછી આજે બે કેસ મળી આવતાં તંત્રમાં પુનઃ ચિંતાનુ મોજુ સવાર થઈ જવા પામ્યુ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે બે કેસ દહેગામ અને માણસા તાલુકામાં નોંધાયા છે.

દહેગામ તાલુકાના માણેકપુર ગામેથી ૨૪ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જ્યારે માણસા તાલુકાના ઈટાદરા ગામેથી ૬૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણીનીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં ૯૫૮૯ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં આજે ૧૧૬ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે અને ગ્રામ્ય વિસ્તારમાં ૩૮૨ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાંથી આજે કોરોનાનો એક કેસ મળી આવેલ છે. સે. ૨૭ માંથી ૪૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં આજે પણ ૩૦ થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. આજે વધુ ૩ દર્દીઓ સાજા થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેરમાં સંક્રમણની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે શહેરમાં રિકવરી રેટ ૯૮ ટકા જેટલો છે તેમજ હાલ છુટા છવાયા કેસો મળી રહ્યા છે. શહેરમાં એક્ટીવ દર્દીઓ લગભગ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. તંત્રએ આ દર્દીઓનું પણ નિયમિત મોનીટરીંગ સઘન બનાવ્યુ છે.

# સે-૧૦ અને સે-૧૧ માં ચોમાસા બાદ માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરાશે

## સેકટરોમાં વર્ષ ૨૦૧૫ બાદ માર્ગોનુ પેવર કામ થયુ નથી

ગાંધીનગર તા ૨૫

વરસાદી દિવસો દરમિયાન માર્ગ સુધારણાની કામગીરી બંધ કરી દેવામાં આવે છે. શહેરમાં પણ મંજુર થયેલા માર્ગોનુ પેવર કામ હવે ચોમાસા બાદ હાથ ધરાશે. સે-૧૦ અને સે-૧૧ માં પણ ૬ વર્ષના અંતે માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવશે. ચોમાસા બાદ બન્ને સેકટરોમાં રસ્તાઓનુ પેવર કામ હાથ ધરાશે.

શહેરમાં કોરોનાની બીજી લહેર દરમિયાન માર્ગ સુધારણાના કામો અટવાયા હતા જયારે હવે વરસાદી દિવસો શરૂ થતા આમ પણ સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરી બંધ કરી દેવામાં આવી છે. વરસાદી દિવસોમાં ત્રણ મહીના સુધી માર્ગોની મરામત અને નવિનીકરણનુ કામ બંધ રાખવામાં આવે છે. શહેરના સેકટરોમાં નિયત સમયના અંતે પણ માર્ગ સુધારણાની કામગીરી થઈ શકી નથી આ મામલે તંત્ર દ્વારા માર્ગ મકાન વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી જેના અંતે શહેરના મુખ્ય ઘ માર્ગ સહીત સે-૨૮ અને સે-૨૯ ના આંતરિક માર્ગોની સુધારણાનુ કામ મંજુર કરાયુ છે. આ ઉપરાંત સે-૧૦ અને સે-૧૧ માં પણ માર્ગોનુ પેવર કામ કરવામાં આવશે. સે-૧૦ માં બોર્ડ નિગમની કચેરીઓ આસપાસનુ રોડ નેટવર્ક પણ ચકાચક બનાવાશે. જયારે સે-૧૧ માં કોર્મશિયલ વિસ્તારમાં પણ છેલ્લા ૬ વર્ષથી રોડ નેટવર્કને અનુલક્ષી પેવર કામ કરવામાં આવ્યુ નથી આગામી દિવસોમાં આ બન્ને સેકટરોમાં પણ માર્ગ સુધારણાની કામગીરી શરૂ કરવામાં આવશે આ બન્ને સેકટરોમાં સરકારી પ્લાન્ટના આધારે કામ હાથ ધરાશે. જયારે હાલ ચોમાસુ શરૂ થઈ ગયુ હોવાથી વરસાદના અંતે માર્ગ સુધારણાના મંજુર કામો શરૂ કરી દેવાશે. જો કે દિવાળી પુર્વે માર્ગ સુધારણાનુ કામ પુર્ણ કરી દેવાશે.

# એકતરફી પ્રેમમાં યુવતિની હત્યા કરનાર આરોપીને આજીવન કેદની સજા

ગાંધીનગર તા ૨૫

એક તરફી પ્રેમમાં યુવતિને પેટના ભાગે ચપ્પાના ઘા ઝીકીને હત્યા કરવાના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને આજીવન કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે. યુવતિના એકતરફી પ્રેમમાં શેતાન બનેલા શખ્સે યુવતિની હત્યા કરી તેણીના ભાઈ અને બહેનને પણ ઈજા પહોંચાડી હતી. ગાંધીનગર એડીશ્નલ સેસન્સ કોર્ટે આરોપીને સખત સજા કરી સમાજમાં દાખલો બેસાડયો છે.

**ચાંદખેડા શાલીગ્રામ બંગ્લોઝમાં રહેતી યુવતિને ધાબા પર પેટના ભાગે ચપ્પાના ઘા ઝીકીને આરોપી નાસી ગયો હતો : યુવતિની બહેન તેમજ ભાઇને પણ ઇજા થઇ હતી : સરકારી વકીલ પ્રિતેશ ડી વ્યાસે કોર્ટ સમક્ષ ધારદાર દલીલો કરી હતી**

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર તા ૯ સપ્ટેમ્બર વર્ષ ૨૦૧૪ ના રોજ ચાંદખેડા શાલીગ્રામ બંગ્લોઝ ખાતે રહેતા ગાયત્રીબેન સુરેશભાઈ પટેલના પિતા નોકરી અર્થે બહાર ગયા હતા આ વેળાએ તેમના ઘરમાં ત્રણેય ભાઈબહેન વાંચન કરતા હતા આ દરમિયાન ૧૧ :૩૦ કલાકે આરોપીએ તેમના મકાનના ધાબા પર જઈને ઘરમાં ગેરકાયદેસર પ્રવેશ કર્યો હતો. આ વેળાએ આરોપીએ હીના સાથે વાત કરવાની જીદ પકડી હતી આ દરમિયાન આરોપી મરણજનાર હીના પર ઉશ્કેરાઈ જઈને પેટ પર ચાકુ વડે જીવલેણ હુમલો કર્યો હતો જેમાં હીનાબેનને ગંભીર ઈજાઓ થઈ હતી આ વેળાએ ઘવાયેલા હીનાબેન તેમજ તેણીના ભાઈ શિવમે બુમાબુમ કરી હતી. હીના ધાબાના ભાગે લોહીયાળ હાલતમાં જોઈને ગાયત્રીબેન પણ ડઘાઈ ગયા હતા. જયારે આરોપી ભરત ઉર્ફે જસ્ટીન ભીખા પરમાર ધાબા પર હાથમાં ચપ્પુ લઈને ઉભો હતો. આરોપીએ ગાયત્રીબેન પર પેટ પર ચપ્પા વડે હુમલો કર્યો હતો. જયારે આરોપી સાથે ઝપાઝપી કરતા

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com